દિલ્હીની હવા ગુણવત્તા 'ગંભીર' શ્રેણીમાં, અનેક સ્થળોએ AQI 400 પાર

નવી દિલ્હી, તા. 23 (પીટીઆઈ) હવાની ગુણવત્તાની આગાહી નિષ્ફળ ગઈ છે. કારણ કે, દિલ્હીનો એક્યુઆઈ 400થી ઉપર 'ગંભીર' શ્રેણીમાં આવી ગયો છે, જેનાથી રાષ્ટ્રીય રાજધાની અને પડોશી નોઇડામાં દેશમાં સૌથી ખરાબ હવા ગુણવત્તા રેકોર્ડ કરાઈ છે. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (સીપીસીબી)ના ડેટા અનુસાર, મંગળવારે રાજધાનીમાં ધુમ્મસ છવાઈ રહ્યું હતું. કારણ કે, 24 કલાકનો સરેરાશ હવા ગુણવત્તા સૂચકાંક (એક્યુઆઈ) સાંજે 4 વાગ્યે ગંભીર શ્રેણીમાં 412 હતો, જે એક દિવસ પહેલાના સમાન સમયે ખૂબ જ ખરાબ શ્રેણીમાં 373 પર રહ્યો હતો. શહેરના 40 કાર્યરત મોનિટરિંગ સ્ટેશનોમાંથી પાંચમાં 450થી ઉપર ગંભીર-પ્લસ એક્યુઆઈ સ્તર નોંધાયું હતું, જેમાં નહેરુ નગર (465), મુંડકા (457), ચાંદની ચોક (453), ઓખલા અને જહાંગીરપુરી (452)નો સમાવેશ થાય છે.

ત્રણ રાજ્યો, એક UTની ડ્રાફ્ટ યાદીમાં લગભગ 95 લાખ મતદારોનાં નામ કમી

નવી દિલ્હી, તા. ૨૩ (પીટીઆઈ) : મંગળવારે પ્રકાશિત થયેલી ડ્રાફ્ટ મતદાર યાદીમાં મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, કેરળ અને અંદામાન અને નિકોબારમાં લગભગ ૯૫ લાખ મતદારોનાં નામ નથી. અંદામાન અને નિકોબાર ટાપુઓમાં .૧૦ લાખ મતદારોમાંથી ૬૪,૦૦૦ મતદારોનાં નામ ડ્રાફ્ટ યાદીમાં ન હતા. એ જ રીતે કેરળમાં ૨.૭૮ કરોડથી વધુ મતદારોમાંથી ૨૪.૦૮ લાખનાં નામ ડ્રાફ્ટમાંથી દૂર કરવામાં આવ્યાં હતાં. છત્તીસગઢમાં ૨.૧૨ કરોડ મતદારોમાંથી ૨૭.૩૪ લાખનાં નામ દૂર કરવામાં આવ્યાં હતાં. મધ્ય પ્રદેશના કિસ્સામાં ૫.૭૪ કરોડમાંથી ૪૨.૭૪ લાખ મતદારોનાં નામ ડ્રાફ્ટ યાદીમાંથી દૂર કરવામાં આવ્યાં હતાં. ફાઇનલ યાદી આવતા વર્ષે ૧૪ ફેબ્રુઆરીએ જારી કરવામાં આવશે. ડ્રાફ્ટ યાદીમાંથી દૂર કરાયેલા લોકો હજી પણ નામ સામેલ કરવા માટે અરજી કરી શકે છે અને મતદાર નોંધણી અધિકારીઓ અંતિમ નિર્ણય લેશે.

ઇન્ડિગોએ મંગળવારે વિવિધ એરપોર્ટ પર 50 ફ્લાઇટ્સ રદ કરી

મુંબઈ, તા. ૨૩ (પીટીઆઈ) એરલાઇનની વેબસાઇટ અનુસાર, ઘરેલું કેરિયર ઇન્ડિગો, જેની આ મહિનાની શરૂઆતમાં મોટા પાયે કામગીરીમાં વિક્ષેપ પડવા બદલ તપાસ ચાલી રહી છે, તેણે મંગળવારે લગભગ ૫૦ ફ્લાઇટ્સ રદ કરી હતી. મુંબઈ, દિલ્હી, વારાણસી, પુણે, ચંદીગઢ, અમૃતસર, ઇન્દોર અને પટણા સહિતના એરપોર્ટ પરથી ફ્લાઇટ્સ રદ કરવામાં આવી છે. જોકે, એરલાઇને આ રદ કરવા માટે કોઈ કારણ આપ્યું નથી. તેના શિયાળાના સમયપત્રકના ભાગ રૂપે ઇન્ડિગોને શરૂઆતમાં સ્થાનિક રૂટ પર દર અઠવાડિયે ૧૫,૦૧૪ ફ્લાઇટ્સ અથવા દરરોજ ૨,૧૪૪ ફ્લાઇટ્સ ચલાવવાની મંજૂરી આપવામાં આવી હતી, જે ૨૦૨૫ના ઉનાળાના સમયપત્રકમાં દર અઠવાડિયે ૧૪,૧૫૮ ફ્લાઇટ્સ કરતાં ૬ ટકા વધુ હતી.

ટ્રમ્પે ભારતપાકિસ્તાન વચ્ચે સંભવિત પરમાણુ યુદ્ધ અટકાવ્યાનો ફરી દાવો કર્યો

ન્યૂયોર્ક/વોશિંગ્ટન, તા. 23 (પીટીઆઈ) અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત-પાકિસ્તાન સંઘર્ષ ઉકેલવાના તેમના દાવાનું પુનરાવર્તન કર્યું છે અને ભારપૂર્વક જણાવ્યું છે કે, ઇસ્લામાબાદના નેતૃત્વએ લાખો લોકોના જીવ બચાવવા માટે તેમને શ્રેય આપ્યો છે. ટ્રમ્પે સોમવારે કહ્યું, ''અમે પાકિસ્તાન અને ભારત વચ્ચે સંભવિત પરમાણુ યુદ્ધ અટકાવ્યું છે. અને પાકિસ્તાનના વડા, એક ખૂબ જ આદરણીય જનરલ, તેઓ ફિલ્ડ માર્શલ છે અને પાકિસ્તાનના વડા પ્રધાન પણ છે, તેમણે કહ્યું કે રાષ્ટ્રપતિ ટ્રમ્પે 10 મિલિયન લોકોના જીવ બચાવ્યા છે, કદાચ એનાથી પણ વધુ...'' ટ્રમ્પે આ ટિપ્પણી ફ્લોરિડાના માર-એ-લાગોમાં સંરક્ષણ સચિવ પીટ હેગસેથ, નૌકાદળ સચિવ જોન ફેલન અને રાજ્ય સચિવ માર્કો રુબિયોની સાથે કરી હતી.

પેજ 3

'ધૂરંધર'ની ધમાકેદાર સફળતાને પગલે રણવીર સિંહે 'ડોન 3' છોડી દીધી

મુંબઈ, તા. 23 : રણવીર સિંહની આદિત્ય ધર દ્વારા દિગ્દર્શિત તાજેતરની ફિલ્મ 'ધુરંધર' બોક્સ ઓફિસ પર કમાણી 600 કરોડ રૂપિયાના આંકડોની નજીક પહોંચી ગઈ છે. આ વ્યાપારી સફળતા વચ્ચે સિંહે ફરહાન અખ્તર અને રિતેશ સિધવાનીની બહુપ્રતીક્ષિત ફિલ્મ 'ડોન 3' છોડી દેવાનો નિર્ણય લીધો છે અને તેના બદલે અન્ય પ્રોજેક્ટ્સ પર ધ્યાન કેન્દ્રિત કરવાનું નક્કી કર્યું છે. એક અહેવાલ મુજબ, આ ઘટનાક્રમ સાથે સંકળાયેલા એક સૂત્રએ જણાવ્યું હતું કે, ''ધુરંધરની જંગી સફળતા સાથે રણવીર એ બાબતે ખૂબ જ સ્પષ્ટ છે કે તે આગામી કેવા પ્રકારની ફિલ્મો કરવા માંગે છે. તે સંજય લીલા ભણસાલી, લોકેશ કનાગરાજ અને એટલી જેવા ફિલ્મ-નિર્માતાઓ સાથે કામ કરવા માંગે છે, અને તે એક પછી એક ગેંગસ્ટર ફિલ્મોમાં દેખાવા માંગતો નથી.

ચહેરા પર મીણબત્તીનું ગરમ મીણ રેડતા વિદ્યુત જામવાલનો વીડિયો વાયરલ

મુંબઇ, તા. 23 : અભિનેતા વિદ્યુત જામવાલના મીણબત્તીનું ગરમ મીણ ચહેરા પર રેડવાના બોલ્ડ સ્ટેજ એક્ટે ઓનલાઈન ધ્યાન ખેંચ્યું છે. તેણે ઇન્સ્ટાગ્રામ પર એક વિડીયો શેર કર્યો છે જેમાં અભિનેતા પોતાના ચહેરા પર મીણબત્તીનું ગરમ મીણ રેડી રહ્યો છે, તેણે સાથે લખ્યું છે કે પ્રાચીન કલારી પાયટ્ટુ અને યોગનું સન્માન જે આપણને મર્યાદાઓ પાર કરવા માટે સશક્ત બનાવે છે. આ વીડિયો ઝડપથી વાયરલ થયો છે, જેમાં ઘણા યૂઝર્સે આ કૃત્યની તીવ્રતા પર પ્રતિક્રિયા આપી. બાળપણથી જ તાલીમ પામેલા કલારીપયટ્ટુ પ્રેક્ટિશનર, વિદ્યુત, માનસિક અને શારીરિક નિયંત્રણ બનાવવામાં માર્શલ આર્ટ્સ અને યોગની ભૂમિકા વિશે ઘણીવાર વાત કરે છે.

કરીના કપૂર અને સૈફ અલી ખાનનું પ્રિ-ક્રિસમસ સેલિબ્રેશન

મુંબઈ, તા. 23 : બોલીવુડ અભિનેત્રી કરીના કપૂર અને તેના અભિનેતા પતિ સૈફ અલી ખાન અને તેમનો આખો પરિવાર ક્રિસમસની ઉજવણી માટે ભેગો થયો છે. સોહા અલી ખાને તાજેતરમાં તેમના પ્રિ-ક્રિસમસ સેલિબ્રેશનના કેટલાક ફોટા શેર કર્યા છે, જે વાયરલ થઈ રહ્યા છે. કરીનાએ પુત્ર તૈમૂર અલી ખાનના જન્મદિવસની એક ઝલક પણ શેર કરી છે, જે ફૂટબોલ થીમ પર આધારિત હતી. સોહા અલી ખાને ઇન્સ્ટાગ્રામ પર તેના પ્રિ-ક્રિસમસ સેલિબ્રેશનના ઘણા ફોટા શેર કર્યા છે. પહેલા ફોટામાં કરીના કપૂર, સૈફ અલી ખાન, તૈમૂર અલી ખાન અને જેહ દેખાય છે. આ સેલિબ્રેશનમાં તેની માતા શર્મિલા ટાગોર પણ હાજર હતા. સોહાએ તેની પુત્રી ઇનાયા સાથે ક્રિસમસ ટ્રીને શણગાર્યું હતું.

વાવાઝોડાગ્રસ્ત શ્રીલંકા માટે ભારતે 45 કરોડ ડોલરનું પેકેજ જાહેર કર્યું

વડાપ્રધાનના ખાસ દૂત તરીકે વિદેશ મંત્રી જયશંકર શ્રીલંકા પહોંચ્યા અને પેકેજની જાહેરાત કરી

શ્રીલંકાના પ્રમુખ અને વડાપ્રધાન ઉપરાંત અનેક નેતાઓ સાથે મુલાકાત કરી અને દિત્વાહ વાવાઝોડાથી થયેલા નુકસાનની ચર્ચા કરી

૪૫૦ મિલિયન ડોલરના પેકેજમાં ૩૫૦ મિલિયન ડોલરની કન્સેશનલ લાઇન ઓફ ક્રેડિટ અને ૧૦૦ મિલિયન ડોલરની ગ્રાન્ટનો સમાવેશ

કોલંબો, તા. 23(પીટીઆઈ): ભારતે મંગળવારે ચક્રવાત દિતવાહથી પ્રભાવિત શ્રીલંકાને 450 મિલિયન ડોલરના પુનર્નિર્માણ પેકેજની જાહેરાત કરી હતી, જ્યારે કે વિદેશ મંત્રી એસ જયશંકરે આ ટાપુ રાષ્ટ્રના ટોચના નેતાઓ સાથે મુલાકાત કરી હતી અને ચક્રવાત પછી કોલંબોના પુનર્નિર્માણ માટે દિલ્હીની અડગ પ્રતિબદ્ધતાની ખાતરી આપી હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ખાસ દૂત તરીકે અહીં પહોંચેલા જયશંકરે કહ્યું હતું કે શ્રીલંકા કટોકટીનો સામનો કરી રહ્યું છે ત્યારે ભારત માટે આગળ વધવું સ્વાભાવિક છે. વિદેશમંત્રીએ રાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસાનાયકેને મળ્યા હતા અને ચક્રવાત દિતવાહ પછી પીએમ મોદીની ઉષ્માભરી શુભેચ્છાઓ અને એકતાનો સંદેશ આપ્યો. વડાપ્રધાન મોદીનો પત્ર કે જે મેં સોંપ્યો છે તે અમારી પ્રથમ પ્રતિભાવકર્તાની ભૂમિકા પર આધારીત છે અને શ્રીલંકાને 450 મિલિયન ડોલરનું પુનર્નિર્માણ પેકેજની પ્રતિબધ્ધતા તેમાં દર્શાવાઇ છે એમ જયશંકરે શ્રીલંકાના વિદેશ મંત્રી વિજિતા હેરાથ સાથે પ્રેસને સંબોધતા કહ્યું. જયશંકરે જણાવ્યું હતું કે તેમણે પ્રમુખ સાથે ચક્રવાત દિત્વાહને કારણે થયેલા નુકસાન અંગે વિગતવાર ચર્ચા કરી હતી અને તેમની વાતચીત ભારતના સહાય પેકેજને કેટલી ઝડપથી પહોંચાડી શકાય તેના પર કેન્દ્રિત હતી.

અમે જે સહાય પેકેજ પ્રસ્તાવિત કર્યું છે તે 450 મિલિયન ડોલરનું છે. તેમાં 350 મિલિયન ડોલરની કન્સેશનલ લાઇન્સ ઓફ ક્રેડિટ અને 100 મિલિયન ડોલરની ગ્રાન્ટનો સમાવેશ થશે એમ તેમણે જણાવ્યું હતું.

પ્રિયંકા યોગ્ય સમયે વડાપ્રધાન બનશે: રોબર્ટ વાડરા

પ્રિયંકા ગાંધી તેમના દાદીની જેમ મજબૂત વડાપ્રધાન બની શકે છે તેવી સાંસદ ઇમરાન મસૂદની ટિપ્પણી પર પ્રિયંકાના પતિનો પ્રતિસાદ

ભાજપ પ્રવક્તાએ કહ્યું કે કોંગ્રેસના લોકો જ હવે રાહુલને નકારે છે અને તેમના સ્થાને પ્રિયંકાને લાવવા માગે છે

નવી દિલ્હી, તા. ૨૩(પીટીઆઈ): મંગળવારે ઉદ્યોગપતિ રોબર્ટ વાડ્રાએ કહ્યું કે તેમના પત્ની પ્રિયંકા ગાંધી વાડ્રાનું રાજકારણમાં ઉજ્જવળ ભવિષ્ય છે અને એક સમય આવશે જ્યારે લોકો તેમને ટોચના પદ પર જોવા માંગશે.તેઓ કોંગ્રેસના સાંસદ ઇમરાન મસૂદના એ અહેવાલો પર પ્રતિક્રિયા આપી રહ્યા હતા જેમાં તેમણે કહ્યું હતું કે પ્રિયંકા ગાંધી ઇન્દિરા ગાંધીની જેમ મજબૂત વડા પ્રધાન સાબિત થશે. મસૂદ બાંગ્લાદેશની પરિસ્થિતિના સંદર્ભમાં લેવામાં આવનારા પગલાં વિશે વાત કરી રહ્યા હતા, જ્યાં હિન્દુ લઘુમતીઓ પર અત્યાચાર થઈ રહ્યો છે, અને કહ્યું કે પ્રિયંકા ગાંધી વધુ સારા વડા પ્રધાન બનશે અને ભૂતકાળમાં ઇન્દિરા ગાંધીની જેમ કાર્ય કરશે. મને લાગે છે કે પ્રિયંકા (ગાંધી) તેમના દાદી (ઇન્દિરા ગાંધી), તેમના પિતા (રાજીવ ગાંધી), સોનિયા જી અને તેમના ભાઈ (રાહુલ ગાંધી) પાસેથી ઘણું શીખ્યા છે. લોકો તેમની પ્રશંસા કરે છે. લોકો જુએ છે કે તેમની પાસે શકિત છે... જ્યારે તેઓ બોલે છે, ત્યારે તેઓ તેમના હૃદયમાંથી બોલે છે. તેઓ એવા વિષયો પર બોલે છે જે ખરેખર સાંભળવાની જરૂર છે અને તેઓ તેમના પર ચર્ચા કરે છે,'' રોબર્ટ વાડ્રાને મસૂદના સૂચન પર ટિપ્પણી કરવા માટે પૂછવામાં આવતા પીટીઆઈ વીડિયોઝને કહ્યું હતું.

બીજી બાજુ ભાજપના પ્રવકતા શેહઝાદ પૂનાવાલાએ આ બાબતે રાહુલ પર કટાક્ષ કર્યો હતો. કોંગ્રેસના સાંસદ ઇમરાન મસૂદે સ્પષ્ટપણે કહ્યું છે કે તેમને હવે રાહુલ ગાંધીમાં વિશ્વાસ નથી અને તેમણે પ્રિયંકા ગાંધી વાડ્રાને તેમની જગ્યાએ લાવવાની માંગ કરી છે. પછી રોબર્ટ વાડ્રા તરફથી આ વાતનું સમર્થન આવ્યું, જેમણે કહ્યું, 'હા, તે સાચું છે', એમ ભાજપના પ્રવક્તાએ કહ્યું હતું.

મુર્શિદાબાદમાં પિતા-પુત્રની હત્યા બદલ 13ને આજીવન કારાવાસની સજા

વક્ફ કાયદા વિરોધી પ્રદર્શન દરમિયાન થયેલી હત્યા મામલે પિડિત પરિવારને ૩. 15 લાખના વળતરનો પણ આદેશ અપાયો

કોલકાતા, તા. ૨૩ (પીટીઆઈ) : પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદ જિલ્લાની એક કોર્ટે મંગળવારે વક્ફ (સુધારા) કાયદાના વિરોધ પ્રદર્શન દરમિયાન એક પુરુષ અને તેના પુત્રની લિંચિંગ હત્યા બદલ ૧૩ લોકોને આજીવન કેદની સજા ફટકારી છે.

ખાસ સરકારી વકીલ વિવાસ ચેટર્જીએ જણાવ્યું હતું કે, દેશમાં મોબ લિંચિંગ કેસમાં આ બીજી સજા છે અને પશ્ચિમ બંગાળમાં પહેલી છે. જંગીપુરની ફાસ્ટ-ટ્રેક કોર્ટે રાજ્ય સરકારને પીડિતોના પરિવારને ૧૫ લાખ રૂપિયા વળતર આપવાનો નિર્દેશ આપ્યો હતો. હરગોબિંદા દાસ (૭૨) અને તેમના પુત્ર ચંદન દાસ (૪૨)ને ૧૨ એપ્રિલના રોજ સમસેરગંજ પોલીસ સ્ટેશન વિસ્તારના જાફરાબાદમાં તેમના ઘરે ટોળા દ્વારા હત્યા કરી નાખવામાં આવી હતી. ચેટર્જીએ જણાવ્યું હતું કે, ફરિયાદ પક્ષે દોષિતોને ફાંસીની સજાની માંગ કરી હતી અને કહ્યું હતું કે આ ગુનો દુર્લભમાંથી દુર્લભ શ્રેણીમાં આવે છે. કોર્ટે કહ્યું કે, રાજ્ય સરકાર નિર્ણય લેશે કે તે કોલકાતા હાઈકોર્ટમાં ચુકાદા સામે અપીલ કરશે કે નહીં. કોર્ટે સોમવારે 13 આરોપીઓને દોષિત ઠેરવ્યા હતા.

ટેક્સાસમાં મેક્સિકોના નૌકાદળનું વિમાન તૂટી પડતાં પાંચના મોત

આ વિમાન મેક્સિકોથી એક બાળ દર્દીને અમેરિકાના ટેક્સાસની એક હોસ્પિટલમાં લઇ જઇ રહ્યું હતું

વિમાનમાં નૌકાદળના ચાર અધિકારીઓ અને દર્દી બાળક સહિત કુલ આઠ જણા હતા, ત્રણ લાપતાની ચાલતી શોધખોળ

ગાલ્વેસ્ટન(અમેરિકા), તા. ૨૩(એપી): એક નાના બાળ દર્દી અને અન્ય સાતને લઈને જઈ રહેલું મેક્સિકન નૌકાદળનું એક નાનુ વિમાન ગાલ્વેસ્ટન નજીક તૂટી પડતા ઓછામાં ઓછા પાંચના મોત થયા હતા તથા બાકીનાઓની શોધખોળ ટેક્સાસના દરિયાકાંઠા નજીક શરૂ કરવી પડી હતી એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

વિમાનમાં બેઠેલાઓમાંથી ચાર નૌકાદળના અધિકારીઓ હતા તથા અન્ય ચાર નાગરિકો હતા જેમાં એક બાળકનો પણ સમાવેશ થતો હતો એમ મેક્સિકોના નૌકાદળે એક નિવેદનમાં એસોસીએટેડ પ્રેસને એક નિવેદનમાં જણાવ્યું હતું. બે મુસાફરો એક નોનપ્રોફિટ સંસ્થાના સભ્યો હતા જે ગંભરી રીતે દાઝી ગયેલા મેક્સિકન બાળકોને મદદ પુરી પાડે છે, જેમાં તેમને ગાલ્વેસ્ટનની એક હોસ્પિટલમાં ખસેડવાનો પણ સમાવેશ થાય છે. અમેરિકી કોસ્ટગાર્ડના એક અધિકારી લ્યુક બેકરે જણાવ્યું હતું કે પાંચ મુસાફરો માર્યા ગયા છે પણ તેમણે ઓળખ આપી ન હતી કે કયા મુસાફરો માર્યા ગયા છે. અકસ્માતનું કારણ તપાસ હેઠળ છે.

NIA કોર્ટનો આદેશ પછી અમેરિકા સ્થિત કાશ્મીરી લોબીસ્ટની મિલકત ટાંચમાં લેવાઈ

શ્રીનગર, તા. 23(પીટીઆઈ): જમ્મુ અને કાશ્મીરની એક ખાસ NIA કોર્ટે મંગળવારે અમેરિકા સ્થિત કાશ્મીરી લોબિસ્ટ અને પાકિસ્તાનની ISIના દોષિત એજન્ટ ગુલામ નબી ફાઈની જમીન તાત્કાલિક જપ્ત કરવાનો આદેશ આપ્યો હતો. આ આદેશ પછી જમીન ટાંચમાં લઈ લેવાઈ છે. રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) ના બડગામ જિલ્લાના વિશેષ ન્યાયાધીશ યાહયા ફિરદોસે વડવાન અને ચટ્ટાબુધ - બે ગામોમાં 1.5 કનાલ (આશરે 8,100 ચોરસ ફૂટ) થી વધુ જમીન જપ્ત કરવાની મંજૂરી આપી છે. કોર્ટે બડગામ જિલ્લા કલેક્ટરને મહેસૂલ અને પોલીસ અધિકારીઓની મદદથી તાત્કાલિક મિલકતનો કબજો લેવાનો નિર્દેશ આપ્યો હતો.

ઇસરો આજે નીચી ભ્રમણકક્ષામાં અમેરિકાનો એક વજનદાર ઉપગ્રહ ચડાવશે

શ્રીહરિકોટા, તા. 23 (પીટીઆઈ): ઇસરોના LVM3-M6 રોકેટના લોન્ચ માટે 24 કલાકનું કાઉન્ટડાઉન મંગળવારે અહીં શરૂ થયું છે. તે નવી પેઢીના અમેરિકી કોમ્યુનિકેશન સેટેલાઇટને લઈને અવકાશમાં રવાના થશે. એક સમર્પિત વાણિજ્યિક મિશનમાં, ઇસરો બુધવારે આ સ્પેસપોર્ટ ખાતેના બીજા લોન્ચ પેડ પરથી સવારે 8.54 વાગ્યે તેના હેવી લિફ્ટ લોન્ચ વ્હીકલ LVM3-M6 પર બ્લુબર્ડ બ્લોક-2 અવકાશયાનને લોન્ચ કરવાનું આયોજન ધરાવે છે. ભારતીય અવકાશ એજન્સીએ જણાવ્યું હતું કે, 6,100 કિલો વજન ધરાવતો, કોમ્યુનિકેશન સેટેલાઇટ LVM3 લોન્ચ ઇતિહાસમાં લો અર્થ ઓર્બિટ (LEO) માં મૂકવામાં આવેલો સૌથી ભારે પેલોડ હશે. અગાઉનો સૌથી ભારે LVM3-M5 કોમ્યુનિકેશન સેટેલાઇટ 03 હતો, જેનું વજન લગભગ 4,400 કિલો હતું જેને ઇસરો દ્વારા 2 નવેમ્બરના રોજ જીઓસિંક્રોનસ ટ્રાન્સફર ઓર્બિટ (GTO) માં સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યું હતું.

પંજાબ નૈશનલ બૈંક punjab national bank ...भरोसे का प्रतीक ! ...the name you can BANK upon !

બી.ઓ. વાપી શાખા : આકાર મોટર્સ નજીક ને.હા. નં. ૪૮, વાપી, જી.વલસાડ–૩૯૬૦૪૫
Ph: 0260-2424585, Email : bo3903@pnb.bank.in

પરિશિષ્ટ–૪ [જુઓ રૂલ ૮(૧)] કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)

આથી નીચે સહી કરનાર **પંજાબ નેશનલ બેંક, વાપી શાખા, વાપી, જી.વલસાડ** ના અધિકૃત અધિકારીએ સિકયોરાઈઝેશન અને રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરિટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ અને આ ધારા ૧૩(૧૨) સિકયોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના (રૂલ ૩) સાથે વંચાણે લઈ **તા.૨૯.૦૯.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ ૧૩(૨) બજાવીને **દેવાદારો શ્રી પ્રવિણકુમાર ઠાકુર** ને નોટીસમાં દર્શાવેલ રકમ **રૂા.૮,૩૫,૯૬૮.૭૦ /– (અંકે રૂા.આઠ લાખ પાત્રીસ હજાર નવસો અડસઠ અને સીત્તેર પૈસા પુરા) તા.૩૧.૦૮.૨૦૨૫** ના રોજ વધારાનું વ્યાજ કોન્ટ્રાકટેડ રેટ અને કોસ્ટ, ખર્ચાઓ વગેરે આ તારીખ મળ્યાના ૬૦ દિવસની અંદર પરત ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

દેવાદારો આ રકમ ચુકવવામાં અસફળ રહેલ છે. આથી દેવાદારો અને જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે આ ધારા ૧૩(૪) આ ધારાના રૂલ ૮ સાથે સિકયોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ વંચાણે લઈ **તા. ૧૯મી ડિસેમ્બર ૨૦૨૫** ના રોજ નીચે દર્શાવેલ વિગતની મિલકતનો કબજો મેળવેલ છે.

આથી વિગતમાં દર્શાવેલ દેવાદારો અને જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે મિલકતો માટે કોઈ પણ વ્યવહાર કરવો નહિં અને જો કોઈપણ વ્યવહાર કરવો હોય તો **પંજાબ નેશનલ બેંક**ની બાકી રકમ **રૂા.૮,૩૫,૯૬૮.૭૦ /– (અંકે રૂા.આઠ લાખ પાત્રીસ હજાર નવસો અડસઠ અને સીત્તેર પૈસા પુરા) તા.૩૧.૦૮.૨૦૨૫** ના વધારાનું વ્યાજ કોન્ટ્રાકટેડ રેટ, કોસ્ટ,ખર્ચાઓ સંપૂર્ણ ચૂકવણી ને આધિન રહેશે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાઈ મિલકત હોરીઝન રેસીડન્સી ના બિલ્ડીંગ નં. ૫ માં માળ ના રહેણાંક નો ફલેટ નં. એ–૫૧૦ માપ ૭૫૦ ચો.ફુટ સુપર બિલ્ટઅપ એરીયા બાંધકામ ના એન એ જમીન નો સર્વે નં. ૨૪/૧/૧ માપ ૨૧૩૦ ચો. મીટર એનએ જમીન નો સર્વે નં. ૪૪/૨ માપ ૩૦૦૦ ચો મીટર, ગામ આમલી, કેન્દ્ર શાસીત પ્રદેશ દાદરા નગર અને હવેલી ખાતે શ્રી પ્રવિણકુમાર ઠાકુર ની હવેલી છે.

તારીખ : ૧૯.૧૨.૨૦૨૫ । સ્થળ : સેલવાસા **અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક**

બૈંક ઑફ બડૌદા Bank of Baroda

લીંક રોડ શાખા, : નારાયણ સ્કવેર, ભરૂચ–૩૯૨૦૦૧,
ગુજરાત ફો નં. –૯૦૯૯૦૦૬૭૩૪ email : Linbha@bankofbaroda.com

સરફેસી એકટ, ૨૦૦૨ ના સેકશન ૧૩ ના સબ–સેકશન (૨) હેઠળ જામીનદારને નોટીસ

પ્રતિ, **શ્રી સમરજીત ચૌહાણ (જામીનદાર)**
૨૩૪, પદમાવતી નગર, સારંગપોર, તા. અંકલેશ્વર, જી. ભરૂચ (ગુજરાત)
બિપીન કેમીકલસ, પ્લોટ નં. ૩૦૧૧, ૩જો માળ કેશ પાનોલી, જી. ભરૂચ (ગુજરાત)

મહેરબાનશ્રી,
વિષય : **શ્રી આંનદસિંગ શોભસિંગ શેખાવત** દ્વારા લીધેલ હાઉસીંગ લોન માં તમારી જામીનગીરી અંગે

તમને ખબર છે તે પ્રમાણે તમે તા.૨૯.૧૨.૨૦૧૭ ના રોજ તમામ નાણાં અને નાણાકીય જવાબદારીઓના પેમેન્ટની ગેરેન્ટી આપી હતી. જે તમારી પાસેથી એટલે કે **શ્રી આંનદસિંગ શોભસિંગ શેખાવત** ની પાસેથી **રૂા.૯,૦૦,૦૦૦/–** વત્તા વ્યાજ સાથે ચુકવવા ઉપરના જામીન દસ્તાવેજ પ્રમાણે તમારે જામીનદાર તરીકે અમને નીચે મુજબ ની સિકયુરીટી પૂરી પાડવાની રહેશે.

૧. અમે તમને જણાવીએ છીએ કે, દેવાદાર કે જે બાકી લોનની રકમ ચુકવવામાં અસમર્થ થયા છે અને તેમનો એકાઉન્ટ નોન–પર્ફોર્મીંગ એસેટ તરીકે જાહેર થયેલ છે. આ નોટિસની કોપી તા.૧૭.૦૪.૨૦૨૫ ના રોજ જામીનદારને સકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ આપવામાં આવી હતી, તેથી દેવાદાર અસમર્થ સાબિત થતાં ગેરંટી પ્રમાણે તમારે અમને બાકીની લોન/કેડિટ ફેસીલીટી બાકી રકમ **રૂા.૩,૭૫,૮૭૫.૩૭/– (અંકે રૂપિયા ત્રણ લાખ પંચોત્તેર હજાર આઠસો પંચોત્તેર અને સાડત્રીસ પૈસા પુરા) + વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ** અહીં તમને ઠપકો આપીને જણાવીએ છીએ કે, આ નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર બાકીની રકમ ચુકવી દેવાની રહેશે. કૃપા કરી નોંધ લો કે પેરા નં. ૧ માં દર્શાવ્યા પ્રમાણે તા.૧૩.૧૦.૨૦૨૫ મુજબ વ્યાજ ચડવાના ચાલુ રહેશે.

૨. અમે આગળ તમને જણાવીએ છીએ કે, તમારી આપેલી જવાબદારીઓ કે જે ઋણ ચુકવવાની હતી તેમાં તમે અસમર્થ નીવડયા છો. અહીં તમને સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ની ધારા ૧૩ની પેટા કલમ (૨) હેઠળ તમને નોટિસ આપીને ૬૦ દિવસની અંદર ચુકવી દેવા જણાવ્યુ હતું અમે આગળ તમને નોટિસ આપીને જણાવીએ છીએ કે, ઉપરની રકમ વ્યાજ સાથે ચુકવણીની તારીખ સુધીમાં ચુકવવામાં અસમર્થ થશો તો અને કલમ ૧૩ની પેટા કલમ (૪) હેઠળના તમામ કે કોઈ પણ સત્તાનો ઉપયોગ કરવાની અમને ફરજ પડશે તેની નોંધ લેવી.

૩. અમે આગળ જણાવીએ છીએ કે, આ ધારાની કલમ ૧૩ની પેટા કલમ (૧૩) હેઠળ પેરા (૧) માં દર્શાવેલ મિલકત ના નોટીસમાં બતાવ્યા પ્રમાણેની સંપત્તિનું વેચાણ, લીઝ કે સ્થળાંતર કરવાની મનાઈ કરવામાં આવે છે.(ધંધાના સામાન્ય કામકાજ સિવાય) વધુમાં અમે એવું જણાવીએ છીએ કે, આ ધારાની કલમ ૧૩(૧૩) માં જણાવીએ જોગવાઈઓનું પાલન ન કરવું તે આ ધારાની કલમ ૨૯ હેઠળ દંડનીય અપરાધ છે.

૪. વધુમાં અમે ધારા ૧૩ની પેટા કલમ ૮ મુજબ જો તમે બેંક ની બાકી રકમ વ્યાજ અને ખર્ચાઓ સહિત ચુકવી દઈ સુરક્ષિત કરેલ મિલકત–જાહેર હરાજી/ભાવપત્રક/ટેન્ડર/ખાનગી રીતે વેચાણ કરવા અંગેની નોટીસ પ્રસિદ્ધ થયા પહેલા છોડાવી શકો છો. મહેરબાની કરી નોંધ લેશો કે નોટીસની પ્રસિદ્ધિ પછી તમારો મિલકત છોડાવવાનો હકક પ્રાપ્ત થશે નહી.

૫. કૃપા કરીને નોંધ લેશો કે આ નોટિસ કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ વગર આપવામાં આવેલ છે અને તમારી પાસેથી બાકી નીકળતી રકમના સંદર્ભમાં વધારે માગણી કરવાના અધિકાર સહિત અન્ય કોઈ અધિકાર કે રાહતની માંડવાળ ત